# શુક્રવાર, તા.૨૪મી જુલાઇ, ૨૦૨૬

## ૪૦૬.જાહેર સાહસો માટેની સમિતિની બેઠક:

જાહેર સાહસો માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજ મળી હતી.

સમિતિની ઉક્ત બેઠકની શરૂઆતમાં સમિતિએ પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના **પાંચમા અહેવાલ**માં સમાવિષ્ટ ભલામણના ફકરા ક્રમાંક: **૨૪** સંબંધમાં **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ** હસ્તકના **ગુજરાત રાજ્ય વખાર નિગમ**ના પગલાંના પત્રકોની તપાસ હાથ ધરી કેટલાક સૂચનો કરી તપાસ પૂરી કરી હતી. ત્યારબાદ પંદરમી ગુજરાત વિધાનસભાના **છટ્ઠા અહેવાલ**માં સમાવિષ્ટ ભલામણના ફકરા ક્રમાંક: **૧૧** સંબંધમાં **ઉદ્યોગ અને ખાણ વિભાગ** હસ્તકના **ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ**ના પગલાંના પત્રકોની તપાસ હાથ ધરી કેટલાક સૂચનો કરી તપાસ પૂર્ણ કરી હતી. ત્યારબાદ ભારતના સી.એ.જી.ના સન ૨૦૧૩–૧૪ના વર્ષના જાહેર સાહસ ક્ષેત્રના ઉપક્રમો અંગેના ઓડીટ અહેવાલમાં સમાવિષ્ટ **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** હસ્તકના **ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિ.**ના ફકરા ક્રમાંક: ૨.૩.૯.૧ અને ૨.૩.૯.૨ સંબંધમાં વિભાગ દ્વારા મોકલવામાં આવેલ વધારાની માહિતી સંદર્ભમાં સમિતિએ સંતોષ વ્યકત કર્યો હતો અને ફકરા ક્રમાંક: ૨.૩.૯.૧ તથા ૨.૩.૯.૨ ડ્રોપ કર્યા હતા. ત્યારબાદ **ઓડિટ ફકરા ક્રમાંક: ૨.૩.૯.૩, ૨.૩.૯.૪, ૨.૩.૯.૫, ૨.૩.૧૦.૧, ૨.૩.૧૦.૨, ૨.૩.૧૦.૩, ૨.૩.૧૧.૧, ૨.૩.૧૧.૨, ૨.૩.૧૨** અને **૨.૩.૧૩**ની તપાસ હાથ ધરી સમિતિએ ઉક્ત પેરા ડ્રોપ કર્યા હતા. સમિતિએ **ઓડીટ ફકરા ક્રમાંક: ૨.૩.૧૪.૧થી** બાકીના ઓડીટ ફકરાઓની તપાસ આગામી બેઠકમાં રાખવાનું નકકી કર્યું હતું.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**